**Gujarat Samachar (Plus)**

**January 25, 2017**
**Page No. 3**

EDI

### મોરેશિયસના મંત્રી ઈડીઆઈની મુલાકાતે

# નાના કારોબારના યુગનો પ્રારંભ : સુનિલ ભોલા



મોરેસિયસના બિઝનેસ, એન્ટરપ્રાઈઝ અને કો-ઓપરેટિવ (એમબીઈસી) મંત્રી સુનિલ ભોલા સોમીલદુથે એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની મુલાકાત લીધી હતી. ભારતની મુલાકાતે આવેલા પ્રતિનિધિ મંડળના સભ્યો એન્ટરપ્રેનિયરશીપ અને કો-ઓપરેટિવ ક્ષેત્રમાં ભારતીય સત્તાવાળાઓ સાથે સહકારની વિવિધ તકો તપાસી રહ્યાં છે. પ્રતિનિધિ મંડળે ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થાકીય નિર્માણ બાબતે ઈડીઆઈની મુલાકાત લઈને સંસ્થા અને એનઆઈસીઈ વચ્ચે સહકારના વિકલ્પો અને તકો અંગે ચર્ચા કરી હતી. આ અંગે સુનિલ ભોલાએ કહ્યું કે, અમે સ્ટાર્ટ અપ્સ અને નાના કારોબારને માર્ગદર્શન અને તાલીમ આપવા માટે ઈડીઆઈઆઈની મદદ ઈચ્છીએ છીએ. અમે ફુડ પ્રોસેસિંગ, એગ્રી બિઝનેસ, હેલ્થકેર અને ટુરિઝમ સહિતના વિવિધ ક્ષેત્રો ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છીએ. ખાસ કરીને અમે કેવી રીતે જૂની ટેકનોલોજીના વિકાસથી નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને મહત્તમ લાભ મળી શકે તે બાબત ઉપર ધ્યાન આપી રહ્યાં છીએ. વર્તમાન સમયમાં નાના ઉદ્યોગોનું પ્રભુત્વ વધી રહ્યું છે. જેઓ ૨૦થી ૩૦ લોકોને રોજગારી આપે છે. અમે એસએમઈ ક્ષેત્રની ક્ષમતાઓની ઓળખ કરી છે અને તેમના ઉપર વિશેષ ધ્યાન આપી રહ્યાં છીએ.